મા‌નસી શ્રોફ

# સર્જકતાને મોકળાશ આપતો માહોલ

## ચિત્રકારોને વિચરવા-વિચારવા માટે મોકળો અને શાંત માહોલ પૂરો પાડતી ‘આર્ટ સ્પેસ’ શરૂ કરનારી **સલોની દોશી** એક મળવા જેવી વ્યક્તિ છે.



*આપણે ત્યાં પુષ્કળ ટેલેન્ટ છે, પણ લોકો માત્ર મોટા અને મહાન કલાકારોને જ ઓળખે છે. જો નાના કલાકારોને યોગ્ય માર્ગદર્શન મળે તો એ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચી શકે અને આપણા દેશનું નામ રોશન કરી શકે...*

આ શબ્દો છે સલોની દોશીના. આર્ટ અને આર્ટિસ્ટ માટે ઘણું કામ કરતી સલોનીએ સાઉથ મુંબઈના એક ખૂણામાં એવી આર્ટ સ્પેસ શરૂ કરી છે, જ્યાં કલાકારો મુક્તપણે વિચરી–વિચારી શકે છે અને કોઈ જ રોકટોક વિના રચનાત્મક પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહી શકે છે. સલોનીને આ વર્ષે *આર્ટ થિન્ક સાઉથ એશિયા*નો સ્કૉલરશિપ એવૉર્ડ પણ મળ્યો છે. એણે *સ્પેસ ૧૧૮* નામે આર્ટ સ્પેસ–સ્ટુડિયો જેવો તદ્દન નવો જ કૉન્સેપ્ટ શરૂ કર્યો છે, જે છેલ્લાં છ–સાત વર્ષથી જાણીતો બન્યો છે. સલોની કહે છેઃ

‘આ આર્ટિસ્ટની જગ્યા છે. ક્રિયેટિવ સ્પેસ છે. અહીં આર્ટિસ્ટ રહી પણ શકે છે અથવા સવારથી સાંજ સુધી સ્ટુડિયોમાં પોતાનું કામ પણ કરી શકે છે. મુંબઈમાં આવા કૉન્સેપ્ટ ધરાવતી આર્ટ સ્પેસ હતી જ નહીં એટલે જ *સ્પેસ ૧૧૮*માં આર્ટ સ્પેસ બુક કરવા માટે રાહ જોવી પડે છે.’

સામાન્ય રીતે કોઈ પણ આર્ટિસ્ટ જ્યારે પેન્ટિંગ શરૂ કરે છે ત્યારે એ આખીય પ્રક્રિયા દરમિયાન એને ઘણું બધું નિતનવું સ્ફુરતું

રહેતું હોય છે. એના મનોજગતને બાહ્યજગત જલદી માફક નથી આવતું માટે જ આવા આર્ટિસ્ટ એકાંતમાં કામ કરવાનું પસંદ કરે છે. *સ્પેસ ૧૧૮* આવી જ એકાંત પૂરું પાડતી જગ્યા છે. અહીં પાંચ સ્ટુડિયો છે. આર્ટિસ્ટ અહીં ત્રણથી છ મહિનાનું બુકિંગ કરાવે છે. ઘણા એવાય કલાકારો છે, જે માત્ર સવારથી સાંજ અહીં કામ કરવા આવે છે.

૨૦૦૮માં જ્યારે સલોની પહેલી વાર વડોદરા ગઈ ત્યારે ત્યાંની *એમ.એસ. યુનિવર્સિટી*ની આજુબાજુ આ પ્રકારની આર્ટ સ્પેસ એને જોવા મળી હતી. એ વખતે જ એના મનમાં આ વિચાર ઝબક્યો હતોઃ *આવું મુંબઈમાં કંઈ હોય તો?*

સલોની કહે છેઃ 'અમારા પરિવારની વેરહાઉસની પ્રૉપર્ટી મઝગાંવમાં હતી. મારા પપ્પાને મેં વાત સમજાવવાની કોશિશ કરી. શરૂઆતમાં તો એમને કશું ન સમજાયું, પણ પછી મેં એમને મનાવી લીધા.'

દસ હજાર સ્ક્વેર ફૂટ જેટલા મોટા વિસ્તારમાં પથરાયેલા *સ્પેસ ૧૧૮*માં તમે એક વાર પ્રવેશો તો તમે બે ઘડી માટે ભૂલી જાઓ કે તમે મુંબઈમાં છો. નીરવ શાંતિ, આજુબાજુ વૃક્ષો, નાના નાના કોટેજ જેવા સ્ટુડિયો. એક શાંત અને કુદરતી માહોલ, જે કલાકારને આકર્ષે.

સલોની અહીં આવતા આર્ટિસ્ટ પાસેથી કોઈ ફી નથી લેતી, પણ એક પેન્ટિંગ લે છે. મતલબ કે આર્ટિસ્ટે બે પેન્ટિંગ બનાવ્યાં હોય તો એક પેન્ટિંગ સલોની પોતાની પાસે રાખે છે. સલોની કહે છેઃ

'જ્યારે તમે કોઈ પેન્ટિંગ ખરીદો છો ત્યારે આર્ટ ગૅલરીના માલિક અથવા આર્ટ ક્યુરેટર સાથે જ મેળાપ થતો હોય છે. આર્ટિસ્ટ સાથે કોઈ ડાયરેક્ટ વાત થતી નથી, જ્યારે આ આર્ટ સ્પેસમાં તમે આર્ટિસ્ટને સીધેસીધા મળી શકો છો.'

*સલોની, આ બધાં પેન્ટિંગ્સનું તમે શું કરો છો?*

એના જવાબમાં સલોની કહે છે કે મારી પાસે ૨૦૦ પેન્ટિંગ થઈ ગયાં હતાં એટલે હમણાં જ ન્યુ યોર્કમાં આર્ટ ઑક્શન કર્યું.

> સ્પેસ ૧૧૮ આર્ટિસ્ટો માટેની ક્રિયેટિવ સ્પેસ છે, જ્યાં કલાકારો કોઈ જ રોકટોક વિના રચનાત્મક પ્રવૃત્તિમાં ઓતપ્રોત થઈ શકે છે.



પેન્ટિંગ્સમાં ઉત્કટતાથી દિલચસ્પી ધરાવતી સલોનીને ખૂબ નાની ઉંમરે આ શોખ લાગ્યો હતો. આ શોખ એ હદ સુધી વિસ્તર્યો કે સલોની પોતાની પૂરેપૂરી સેલેરી દર મહિને એક પેન્ટિંગ ખરીદવામાં ખર્ચી નાખતી. સ્ત્રી તરીકેના સર્વસામાન્ય શોખ સલોનીને બહુ નથી, પણ એ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાંથી પેન્ટિંગ ચોક્કસ ખરીદે છે. મઝગાંવમાં આવેલા *સ્પેસ ૧૧૮*માં એની ઑફિસમાં તમે પ્રવેશો તો સમજાય કે આર્ટ જ સલોનીનો શ્વાસોચ્છ્વાસ છે.

મુંબઈના જુહૂ વિસ્તારમાં રહેતા શ્રીમંત પરિવારનાં કિરીટભાઈ અને સરોજબહેનનાં ચાર સંતાનમાંથી એક એટલે સલોની. એનો ઉછેર મુંબઈ કરતાં દિલ્હીમાં વધુ થયો. દિલ્હીની *સરદાર પટેલ સ્કૂલ*માં સલોનીને ગુજરાતી સંસ્કૃતિના પૂરેપૂરા પાઠ ભણવા મળ્યા. રંગોળી, ગરબા, ડાન્સ, થિયેટર એમ સઘળી પ્રવૃત્તિમાં સલોની ભાગ લેતી. દસમા ધોરણ બાદ સલોની મુંબઈની *સેન્ટ ઝેવિયર્સ કૉલેજ*માં આર્ટ્સ ભણવા આવી, જ્યાં એણે પોલિટિકલ સાયન્સ અને ઈકોનોમિક્સમાં માસ્ટર્સ કર્યું. એ પછી *સોફિયા કૉલેજ*માં સોશિયલ કૉમ્યુનિકેશન મિડિયાનો એક વર્ષનો ડિપ્લોમા કોર્સ કર્યો. સલોની કહે છેઃ

'મને ભણવાનું ખૂબ ગમે એટલે જેટલું શીખવા મળે એટલું શીખતી રહું અને પોતાને અપગ્રેડ કરતી રહું. મેં કરિયરનું કંઈ પ્લાનિંગ નહોતું કર્યું. કંઈ જ વિચાર્યું પણ નહોતું. મને ભણવામાં મજા પડતી એટલે ભણતી રહેતી.'

એ પછી સલોનીએ લંડન જઈને *લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ*માંથી મિડિયા ઍન્ડ કૉમ્યુનિકેશનમાં માસ્ટર્સ કર્યું. *આર્ટ ક્રિટિસિઝમ ઍન્ડ થિયરી* અને *ઈન્ડિયન આર્ટ એસ્થેટિક્સ*માં મુંબઈમાંથી ડિપ્લોમા કોર્સ પણ કર્યો. ત્યાર બાદ એને *ટાઈમ્સ ઑફ ઈન્ડિયા*માં પ્રોડક્ટ ઍન્ડ બ્રાન્ડ મૅનેજરની જૉબ મળી. સલોની કહે છેઃ

'પાંચ વર્ષ મેં એ નોકરી કરી અને એમાં મને ખૂબ શીખવા મળ્યું. *ટાઈમ્સ ગ્રુપ*ની બધી જ વેબસાઈટનાં કામની જવાબદારી મારી હતી.'

આ દરમિયાન સલોનીને આર્ટ કલેક્શનનું ભૂત ઊપડ્યું. સલોનીના પિતા બિઝનેસમૅન એટલે એમને હતું કે ડાયમંડમાં કે પ્રૉપર્ટીમાં રોકાણ કરવું, પણ આર્ટમાં ક્યારેય નહીં. જો કે સલોનીએ પપ્પાની આ વાત ન માની અને બધું રોકાણ આર્ટમાં જ કર્યું. આ જ કારણસર સલોનીએ ક્યારેય એના પપ્પા પાસેથી આર્ટ કલેક્શન માટે પૈસા ન લીધા. એ કહેઃ

'પહેલું પેન્ટિંગ મેં લક્ષ્માગાંવ નામના આર્ટિસ્ટનું લીધું હતું. ત્યાર બાદ દર મહિને પેન્ટિંગ ખરીદવું એ મારો નિયમ બની ગયો. ઈટ'સ લાઈક અ ડ્રગ. નશો ચડ્યો હતો મને. ઘણી વાર તો બૅન્કમાં ઝીરો બૅલેન્સ હોય, છતાં મારે પેન્ટિંગ લેવું હોય તો ગમે તેમ કરીને લઈને જ રહેતી.'

આખરે ૨૦૦૮માં વડોદરાની ટ્રિપ દરમિયાન સલોનીને *સ્પેસ ૧૧૮*નો વિચાર આવ્યો કે તરત એણે મુંબઈનાં જાણીતાં આર્ટ એક્સ્પર્ટ સરયૂ દોશી અને ફિરોઝા ગુજરાલના માર્ગદર્શન હેઠળ આર્ટ સ્પેસ શરૂ કરી.

સલોનીના *સ્પેસ ૧૧૮*માં જાતજાતની વર્કશૉપ પણ યોજવામાં આવે છે, જેમ કે પેપરમેકિંગ, વૂડ કટ, સિરેમિક્સ, બ્લૉક પ્રિન્ટિંગ, સ્ક્રીન પ્રિન્ટિંગ, વિઝ્યુઅલ જરનલમેકિંગ, બુકમેકિંગ, વગેરે... સલોની *યંગ ફિક્કી લેડીઝ ઑર્ગેનાઈઝેશન*ની ફાઉન્ડર-ચૅરપર્સન છે. ઉપરાંત, એ *લંડન ઑફ ઈકોનોમિક્સ ઍલ્યુમની-મુંબઈ*ની પણ ઍક્ટિંગ ચૅરપર્સન છે.

ભવિષ્યની યોજના વિશે સલોની કહે છે કે એ એક કળા-સંસ્થા શરૂ કરવા માગે છે. એવી સંસ્થા, જેમાં આર્ટ મૅનેજમેન્ટ કૉલેજ હોય અને જ્યાં આર્ટ ઍન્ડ ક્રાફ્ટ પર વધુ ફોકસ હોય. આ ઉપરાંત, એ નવા આર્ટિસ્ટોને પ્લૅટફૉર્મ પૂરું પાડવા માગે છે. આપણે ત્યાં જ્યારે આંતરરાષ્ટ્રીય કલાકારો આપણા કલાકારોને ન બિરદાવે ત્યાં સુધી લોકોને આપણા કલાકારોનું મહત્ત્વ સમજાતું નથી. જો કે એવું ન હોવું જોઈએ. આ માનસિકતા સલોની બદલવા માગે છે અને આર્ટ પ્રત્યે વધુ ને વધુ સજાગતા આણવા માગે છે.

તસવીરોઃ **દીપક ધુરી**